પેજ નં.
પાંચ
ઉપર

# ભાવાંજલિ




## સખાવત સાથે સેવાના રંગે રંગાયેલા શ્રી શશીભાઈ

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

**કોશિશ થી કામયાબી**

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જૂન - ૨૦૨૩, અંક નં. ૧૨૬ / ૪૯૨

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 June - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24





**શ્રી રાજુભાઈ પટેલનો નિવૃત્તિ શુભેચ્છા સમારંભ**



# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ભાવનગર સેન્ટરના બી.એડ. સ્પે. એજ્યુ. એચ.આઈ.ના તાલીમાર્થીઓની શાળા મુલાકાત



'ઝંઝાવાત સામે ઝઝૂમતો શ્રવણમંદ પ્રશમ વોરા'




પી. આર. વાઘર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર દ્વારા યોજાયેલ કેમ્પ

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . ૦૪
- સ્વ. શ્રી શશીકાન્તભાઈ આર. વાધરના અવસાનના શોક સંવેદના પત્ર . . . . . . . . . ૦૪
- સખાવત સાથે સમાજ સેવાના રંગે રંગાયેલા સ્વ. શશીભાઈ વાધર . . . . . . . . . . . . ૦૫
- ભાવનગરના ભામાશા... સ્વ. શશીભાઈ વાધર. . ૦૬
- ‘સંસ્કૃતિ અને સંપત્તિનો વારસો, સંતતિને આપનાર સ્વ. શ્રી શશીભાઈ વાધર’ . . . . . . . ૦૬
- વિવિધ સંસ્થાઓના શોક સંદેશાઓ . . . . . . . ૦૭
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . ૦૮
- વી. સી. લોઢાવાળા હોસ્પિટલ . . . . . . . . . ૦૯
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . ૦૯
- નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા . . . . . . . . . . . . . . ૧૦
- અંબા સી.પી. હૉસ્ટેલ . . . . . . . . . . . . . ૧૦
- દિવ્યાંગોની તરફેણમાં કર્ણાટક હાઈકોર્ટ . . . . . ૧૦
- સ્વ. શશીભાઈ અને તેમનો પરિવાર . . . . . . . ૧૧
- કે. એન. શાહ ‘હાઈટેક’ ઈન્કલુઝિવ સ્કૂલ . . . . ૧૫
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . ૧૫
- બે હાથ અને બે પગ ગુમાવનાર ડી. ચંદ્રમૌલીને I.I.M. અમદાવાદમાં એડમિશન. . . . . . . . . ૧૫
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ. . . . . ૧૬
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (સ્પે. બી.એડ્. - H.I.) . . . . . . . . . . . . ૧૬
- યુવક સંમેલન મુંબઈ - લાઈબ્રેરી . . . . . . . . ૧૭
- શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) ૧૮
- શ્રીમતી પી.આર. વાધર સાધન સહાય વર્કશોપ . . ૧૮
- શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . ૧૯
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ ( H.I.) . ૨૦
- ડોનેશન લિસ્ટ . . . . . . . . . . . . . . . . ૨૧
- વાર્ષિકોત્સવ ગ્રીષ્મતાલ - ૨૩. . . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**‘કોશિશ થી કામયાબી’** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## સંસ્થાના મોભી શ્રી શશીભાઈની ચિર વિદાય...

મિત્રો, આપણે સૌ શશીભાઈના દુઃખદ અવસાનથી ઊંડા આઘાતમાં સરી ગયા છીએ. આપણી તમામ સંસ્થાઓ અને તેમના પરિવારે મોભી ગુમાવ્યો છે.

સ્વ. શશીભાઈની પ્રાર્થના સભામાં ભાવનગરની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, આબાલ-વૃધ્ધ શહેરીજનો અને સગા-સ્નેહીઓએ ઉપસ્થિત રહી, હૃદયાંજલિ પાઠવી તેમના પ્રત્યે ઊર્મિસભર ભાવના દર્શાવી હતી, જે તેમના ઉમદા વ્યકિતત્વની અપૂર્વ લોક ચાહના હતી. સ્વ. શશીભાઈએ પોતાના વિશાળ પરિવારમાં સંસ્કારોનું સિંચન ખૂબજ અદ્દભૂત રીતે કર્યુ છે, જેના અનુસંધાને સેવા અને દાનની સરવાણી શરુ રાખતા, પરિવારજનોએ પ્રાર્થના સભામાં વિવિધ સંસ્થાઓ માટે માતબર રકમનું દાન જાહેર કરેલ હતું. સ્વ. શશીભાઈના જીવનના શરૂઆતના વર્ષો ભારે સંઘર્ષમય રહ્યાં. ૪ કર્મચારીથી શરૂ કરેલી તેમની વ્યવસાયિક યાત્રા, ૮૦૦ કર્મચારી સુધી પહોંચી છે, જબ્બર વ્યવસાયિક સફળતા મેળવી તેની પાછળ તેમની આગવી સૂઝ, મહેનત અને ઉદાર સ્વભાવનું પરિણામ છે. સ્વ. શશીભાઈની ઉદારતા, સરળતા, નિખાલસતા, માર્મિક હાસ્ય અને નિર્દંભીપણું તેમના વ્યક્તિત્વની એક ખાસ ઓળખ બની ગયું હતું. સ્વ. શશીભાઈએ અનેક સામાજિક, ધાર્મિક, વ્યાપારિક, ઔદ્યોગિક વિગેરે સંસ્થાઓ સાથે જોડાય, વિવિધ સર્જનાત્મક કાર્યો કરી, એક સફળ નેતૃત્વ પૂરું પાડેલ હતું. મિત્રો, ‘નામ એનું જ મોટું થાય છે, જેમને મોટા કાર્યો કર્યા હોય છે’. શશીભાઈનું જીવન પોતાના વ્યવસાય-અગરબત્તિ જેવું જ હતું, જે પોતે બળે છે અને બીજાને સુવાસ આપે છે.

**‘‘જબ આયે તુમ જગ મેં, જગ હસે તુમ રોય,**
**ઐસી કરની કર ચલો, તુમ હસે જગ રોય’’**

સ્વ. શશીભાઈએ મૃત્યુનો જે સહજતાથી સ્વિકાર કરી દેહ ત્યાગ કર્યો, તે એક અનન્ય અને વિરલ ઘટના છે.તેઓ પૂણ્યનું ભાથું ભેગું કરી, ધર્મનું આચરણ કરી, અપરિગ્રહ સાધીને, આપણને રડતા મૂકી તેઓ મોક્ષ માર્ગી થયા છે, પરંતુ તેમના માનવતાના કાર્યોની મહેક સદા પ્રસરતી રહેશે. મિત્રો, સ્વ. શશીભાઈ એક એવું ઉમદા જીવન જીવી ગયા કે જે આપણી દિવ્યાંગોની સંસ્થાઓને જ નહીં, પરંતુ તેમના પરિવાર સહિત તમામ માટે પ્રેરણા સ્વરૂપ રહેશે. અને આપણે એમણે કંડારેલા સેવાના રસ્તા પર ચાલીએ, એજ એમને સાચી હૃદયાંજલિ ગણાશે.

**✍ કિરીટ રાઠોડ**

**તમારું કર્મ જ તમારી સાચી ઓખાણ છે,**
**બાકી એક નામના હજારો લોકો હોય છે, આ દુનિયામાં...**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૨૬ / ૪૯૨**
  ૧૫ જૂન - ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- ‘કોશિશ થી કામયાબી‘ લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ‘‘શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર’’ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

## ◈ Nataraj C.P. School's Gestures, Disha Cum Vikas Project

Nataraj Cerebral Palsy School was visited by Leftenent Commander with his team of 40 members of Indian Navy based in Porbandar. They were so much pleased to appreciate the school care of their wards and services. Another visit by researching homeopathy doctor was important as he explained how homeopathy helps C. P. Children. Organisation of yearly cultural event graced by Shri Debasis Mohanty (DGM-SBI) and Shri Shaileshbhai (AGM-SBI) had all its gaiby. Awards were given to staff of different categories and CWSN for their success. Parents Trainning under Disha-cum-Vikas Project with tips for care during vacation was organised by inviting experts in the different disabilities.

## ◈ KLID's Vacation Activity

The K. L. Institute for the Deaf (KLID) cashed the vacation by organising Contact Programme of B.Ed. (H.I.) in Nataraj Auditorium of the PNR Society of Babasaheb Ambedkar Open University.

KLID's another arm Artificial Limb Center examined 201 handicapped and distributed 309 aids and appliances and artificial limbs. Knee-brace camp organiged at Shimoga and Shirasi had 20 beneficiaries.

## ◈ Other Activities

Summer Camp of K. N. Shah Hightech Inclusive School, PNR Special Hospital's regular services in ortho, ophthal, dental and ENT deparments and plastic surgery camp, V. C. Lodhawala's free distribution of presbiopia spectacles, Ankur School's Annual Parents Meeting and Seminar, Success Stories and useful news to the disabled world, Crediblity Alliance's recognition of the PNR Society as Good Governce Institute are carried in this Issue.

## સ્વ. શ્રી શશીકાન્તભાઈ આર. વાઘરના અવસાનનો શોક સંવેદના પત્ર

**Dear Bababhai,Trustees, and friends,**

We are deeply saddened with the loss of Shashikantbhai, a great philanthropist, a neighbor, a mentor, and a dedicated citizen. It was a unique privilege for me to grow up in the same street in Bhavnagar. It had been a great honor to know him personally, and his iconic "helping hand" attitude over 70 plus years. The hundreds of beneficiaries will continue to appreciate his solid contributions to the PNR society, and its impact for years to come. We are extremely proud of him as my elder brother, a superb role model, and a true "human being". He always bought a fountain of optimism even in challenging times. We will continue to appreciate his social contributions at a large. Please accept our deepest condolences. Our prayers for his family, you, and the entire extended PNR family. Om Shanti....

**- Renu and Praful Shah, USA**


# સખાવત સાથે સમાજ સેવાના રંગે રંગાયેલા
# સ્વ. શશીભાઈ વાધર

✍ બાબાભાઈ



**શશીભાઈ સંવેદનાથી ભરેલા માણસ જમણા હાથે કરેલું ડાબો હાથ ન જાણે એમ, એ પાસે આવેલા દીન દુઃખીઓને આપતા જ રહે ...**

## સંવેદનાથી ભરેલા માણસ :


સ્વ. શશીભાઈ

ઘણાખરા દાતાઓ દાન આપીને છૂટી જતા હોય છે, જયારે કોઈક વીરલા દાન કરીને સેવા કાર્યમાં સાથે જોડાય છે. નવજવાન સંઘ પછી વી.સી. લોઢાવાળા હોસ્પિટલની સ્થાપના વખતે મને સમાજ સેવાનાં રંગે રંગાયેલા આવા એક દાતા મળ્યા. નામ તેનું શશીભાઈ રતિલાલ વાધર. શશી ઈન્ડસ્ટ્રિઝની ખાસ કરીને 'માઝા' અગરબત્તીથી દેશભરમાં તે જાણીતા તો ખરા પરંતુ અગરબત્તીની સુગંધની જેમ ઉમદા દિલ દાતા તરીકે તેમની સુવાસ પણ એવી જ પ્રસરેલી. શશીભાઈ સંવેદનાથી ભરેલા માણસ. એ કોઈનું દુઃખ ન જોઈ શકે. જમણા હાથે કરેલું ડાબો હાથ ન જાણે એમ, એ પાસે આવેલા દીન દુઃખીઓને આપતા જ રહે ન તેનો કોઈ હિસાબ કે ન કોઈ જાહેરાત!

## સંસ્કાર વારસો :

શશીભાઈને માતા પ્રભાકુંવરબેન અને પિતા રતિલાલ મોનજી માટે વિશેષ લાગણી અને પ્રેમ. દાન આપે ત્યાં માતા-પિતાના નામની તકિત અને ફોટા મુકાવે. એટલું જ નહીં પરંતુ પોતાનું, પત્ની ચંદ્રાબહેનનું, પુત્રો હિતેન, તુષાર અને નીલેષ, પુત્રવધૂઓ અમિતા, નયના અને અંજનાના નામે દાન કરે, એ તો ઠીક પરંતુ પૌત્રી એકતા, ખુશાલી અને પૌત્ર સિદ્ધાર્થ પણ તેમાંથી બાકાત નહીં, કારણ તો કહે 'સંસ્કાર વારસો. કોઈક દિવસ જોશે તો મારી કેડી કંડારશે.'

> **ઘણાખરા દાતાઓ દાન આપીને છૂટી જતા હોય છે, જયારે કોઈક વીરલા દાન કરીને સેવાકાર્યમાં સાથે જોડાય છે.**

## સમાજને દૃષ્ટાંત પૂરું પાડયું :

આવા શશીભાઈ લોઢાવાળા હોસ્પિટલથી અમારી સાથે જોડાયા, ત્યારથી લઈને આજ સુધી ધંધામાં વ્યસ્ત હોવા છતાં એક પછી એક અમારી સંલગ્નિત સંસ્થાઓમાં સક્રિય રહીને યોગદાન આપતા રહ્યા છે. પછી તે બહેરાં મૂંગા શાળા હોય, અંધશાળા હોય, 'અંકુર' મંદબુધ્ધિવાળાં બાળકોની શાળા હોય કે પી.એન.આર. ની સી.પી. બાળકોની સંસ્થા હોય. પી.આર. વાધર વિકલાંગોના કૃત્રિમ સાધનોનું વર્કશોપ અને પી.એન.આર. પોલિયો હોસ્પિટલમાં દર્દીઓ માટે બે અતિથિગૃહના મોટા દાન સાથે સંસ્થાઓની રોજબરોજની જરૂરિયાતોમાં વગર માગ્યે દાન આપવામાં તેઓ અતિ ઉત્સાહ દાખવે ત્યારે, કયારેક તેને રોકવા પડે, એમ કહીને કે, 'બીજાને હવે થોડો લાભ લેવા દો.' તેમણે ધાર્યું હોત તો પુત્રોના લગ્ન હોટલમાં કરી શકયા હોત, પરંતુ સમાજને એક દૃષ્ટાંત પૂરું પાડવા માટે શશીભાઈએ ત્રણેય પુત્રોના લગ્ન અમારી અંધશાળામાં કર્યા. એટલું જ નહીં પરંતુ 'ચાંદલાની રકમ અંધશાળાને અર્પણ કરવામાં આવશે', એમ કંકોત્રી છપાવી, હજારો રૂપિયા સંસ્થાને એકત્રિત કરી આપ્યા અને વરઘોડિયાની સ્મૃતિમાં બે રૂમ અને એક સુંદર મજાનો ફાઉન્ટેન પણ બંધાવી આપ્યો.

## સમાજ માટે રત્નજડિત ઘરેણું :

દેશભરમાં યોજાયેલા પોલિયો અને પ્રભાફૂટના કેમ્પ તથા કચ્છના ધરતીકંપમાં શશીભાઈએ પ્રશંસનીય સેવા બજાવી છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રહી ચૂકેલા શશીભાઈ પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓમાં વર્ષોથી સન્માનનીય હોદ્દા ઉપર રહ્યાં છે. તાજેતરમાં પ્રજ્ઞાચક્ષુઓની નિરંતર સેવા માટે નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડે, વર્ષ ૨૦૧૮ નો ભીખાભાઈ શાહ એવોર્ડ આપીને તેમનું સન્માન કર્યું, તે માટે સૌ કોઈએ ગૌરવની લાગણી અનુભવી. આવા દાતા કમ સેવક સમાજ માટે રત્નજડિત ઘરેણું છે.

**સમાજ સેવાના પ્રહરી શશીભાઈનું નિધન**

ભાવનગર જૈન સંઘના અગ્રણી અને છેલ્લા ચાર દાયકાથી સંપૂર્ણપણે સમાજ સેવામાં જોડાયેલા શશી ઈન્ડસ્ટ્રિઝના શશીભાઈ વાધર પી.એન.આર. સોસાયટી સંલગ્નિત સંસ્થાઓ સાથે સંકળાયેલા હતાં. શશીભાઈએ તેમના મૃત્યુ પહેલા સચેત અવસ્થામાં ચોવીયારા ઉપવાસનું પચ્છખાણ લઈ સુરી મહારાજની હાજરીમાં તમામ પ્રકારના કર્મો વોસરાવી શુક્રવારે સાંજે મૃત્યુનો સહજતાથી સ્વિકાર કરી દેહ ત્યાગ કર્યો હતો.

**- સૌરાષ્ટ્ર સમાચાર**

# ભાવનગરના ભામાશા
# સ્વ. શશીભાઈ વાધર

✍ લાભુભાઈ સોનાણી, જનરલ સેક્રેટરી,
KKBS અને NABS ભા.જિ. શાખા



**''મહેક માનવતાની ફેલાવા શમણું ત્યાગી દીધું, 'ઝગમગ' તારી આંગળી પકડી અજવાળું પાથરી દીધું.
સદ્‌ગતના કાર્યની આતો નાનકડી નોંધ છે, બાકી ઊર્મિના અખાડે ન પુરાય એવી ખોટ છે.''**

સંસાર સાગરમાં ઉભા થતા સંકટના વમળો વચ્ચે ધૈર્ય રાખી સંસ્થા પરિવારની નાવ સુખના પડાવ સુધી પહોંચાડી શ્રી શશીભાઈએ જીવતરની બાજી સજાવી છે. વર્ષ ૧૯૯૫માં નેત્રહીનો માટેની રાજ્યકક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ રાષ્ટ્રિય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખાના યજમાનપદે યોજવાનું, રાજ્ય શાખાની કારોબારી મિટીંગમાં ઠરાવવામાં આવ્યું હતું.

ભાવનગરના આંગણે આટલું મોટું આયોજન પ્રથમવાર થઈ રહ્યું હતું. ટુર્નામેન્ટમાં લગભગ ૨૦ ટીમો ભાગ લેવાની હતી. જુદી-જુદી ટીમોના દરેક ખેલાડી અને તેના સહાયકોના ઉતારા, ભોજન, ચા-પાણી, નાસ્તો અને ખેલાડીઓને મેદાન સુધી લાવવા લઈ જવા વ્યવસ્થા ગોઠવવા મોટી ઘણી રકમની જરૂર હતી. ભાવેણાના ભામાશા શ્રી શશીભાઈ વાધર અમારી મદદે આવ્યા. ટુર્નામેન્ટને 'માઝા કપ' નામ આપી સ્પોન્સર કરી એટલે અમારી ચિંતા ટળી.

૨૦ મી સદીના ઉતરાર્ધ ૮૦ અને ૯૦ ના દાયકામાં ગુજરાતમાં અવાર-નવાર દુશ્કાળ પડતા હતા. આવા સમયે શ્રી શશીભાઈની સખાવતથી ભાવનગરના સ્લમ એરીયા અને કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે આપણી સંસ્થા દ્વારા સુખડી વિતરણ અને છાશ કેન્દ્રો ચલાવવામાં આવતા હતા. કચ્છના ભૂકંપ સમયે તેના વિસ્થાપિતો માટે રસોડું શરૂ કરવામાં આવ્યું હતું. સેંકડો લોકોએ તેનો લાભ લીધો હતા. આવા અનેક પુનિત સેવાકીય કાર્યોને આગળ ધપાવવા શ્રી શશીભાઈ આર. વાધર પોતાની પવિત્ર લક્ષ્મીનું છુટા હાથે દાન કરતા હતા.

તેમણે પોતાના વ્યવસાયમાંથી બોધપાઠ લઈ, એક ધૂપસળીની જેમ સેવાના શમિયાણાને સુગંધિત બનાવ્યો હતો.

## 'સંસ્કૃતિ અને સંપત્તિનો વારસો, સંતતિને આપનાર સ્વ. શ્રી શશીભાઈ વાધર'

દુનિયામાં દાન કરનાર માત્ર પૈસાનું દાન આપીને છૂટી જાય છે. સમાજમાં કોઈક જ એવા દાનવીર હોય છે કે જે માત્ર ધનથી કે પૈસાથી નહીં, પરંતુ તન અને મનથી સામાજિક સેવાના કાર્યોમાં જોડાઈ જતા હોય છે. આવા તન, મન અને ધનના ત્રિવેણી સંગમથી જોડાનાર દાનવીર એટલે ભાવનગરની ધરાના ચંદ્રરૂપી શીતળતાના પ્રતિક સમા શ્રી શશીકાંત રતિલાલ વાધર.

શશી ઈન્ડસ્ટ્રિઝના સ્થાપક અને 'માજા-ડેનિમ' જેવી ખુશ્બુદાર અગરબત્તિના ઉત્પાદક એવા શ્રી શશીભાઈ પોતાની અગરબત્તિની સુવાસની જેમ ઉત્તમ દાતા અને ઉત્તમ વ્યક્તિ તરીકેની સુવાસ પણ એવી જ રીતે પ્રસરાવેલી. માનવ માત્રના સામાજિક કાર્યથી જોડાયેલા વ્યક્તિ તરીકે તેમનો પ્રભાવ અનોખો હતો. પોતાના વ્યવસાયને માત્ર આર્થિક ઉપાર્જનનું સાધન ન બનાવી, સામાજિક અને વ્યવસાયિક કર્મોથી લોકોના જીવનમાં સુવાસ ફેલાવનાર શ્રી શશીભાઈને ધન્ય છે. રાજકોટમાં જન્મેલા અને ભાવનગરને પોતાની કર્મભૂમિ બનાવનાર શ્રી શશીભાઈએ માત્ર ૭ વર્ષની વયે માતા અને ૨૮ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવી. ત્યારબાદ પોતાની સૂઝબૂઝ અને પિતાના આપેલ સંસ્કારોને સાથે રાખી, ભાવનગરમાં ફક્ત ચાર માણસોને સાથે રાખી અગરબત્તિનો વ્યવસાય ચાલુ કરીને તેમણે શશી ઈન્ડસ્ટ્રિઝને આજે વિશ્વ ફલક પર પહોંચાડી. આજે ૮૦૦-૧૦૦૦ કર્મચારીઓ અને તેમના પરિવારોને એક પરિવાર જેવું છત્ર ઉભું કરનાર માનવી એટલે શશીભાઈ. શશીભાઈ તેમને ત્યાં નોકરી કરનાર કર્મચારીઓ માટે બોસ, સર કે શેઠ નહીં, પરંતુ 'ભાઈ' તરીકે ઓળખાતા અને છેલ્લે 'દાદા' ના નામે કર્મચારીઓમાં જાણિતા હતાં. કર્મચારીઓના સારા-નરસા પ્રસંગો પર વ્યક્તિગત હાજરી આપી, 'વસુધૈવ કુટુંબકમ' નો સંદેશો ફેલાવનાર વ્યક્તિ હતા શશીભાઈ. શશીભાઈ પોતાની આગવી કોઠા સૂઝ દ્વારા અગરબત્તિ સિવાય અનેક નવા વ્યવસાયમાં જોડાયેલ હતા.

શશીભાઈને તેમના કુટુંબ પ્રત્યે અત્યંત લાગણી હતી. તેમાં પણ માતા પ્રત્યે વિશેષ લાગણી હતી. તેઓ કોઈ સંસ્થાને દાન કે ફાળો આપે તો પોતાનું નહીં, પરંતુ માતા-પિતાના નામ, તખ્તી અને ફોટા સાથે મૂકાવતા. સાથે-સાથે પત્ની, પુત્રો, પુત્રવધુઓ, પૌત્રો અને પૌત્રીઓને પણ દાન કે ફાળો આપવા પ્રોત્સાહિત કરતા હતા. તેઓ

કહેતા કે ''આ જ આપણો સાંસ્કૃતિક વારસો છે. કુટુંબના નાના-મોટા લોકો આવી પ્રવૃત્તિઓ જોશે, તો તેઓને પણ આવી પ્રવૃત્તિઓ વધારવા પ્રેરણા મળશે.'' અને આ માટે તેઓ હંમેશા દાન નહીં, પણ 'ફાળો' શબ્દનો ઉપયોગ કરવાનું કહેતા. પિતાએ આપેલા સંસ્કારોનું સિંચન તેમના પુત્રોમાં પણ થયેલ છે, જેમાં તેમના પત્ની શ્રીમતી ચંદ્રાબેન શશીકાંત વાધરનો પૂરેપૂરો સહયોગ રહ્યો છે. શશીભાઈને પતિવ્રતા સ્ત્રી તરીકે, તેમના દરેક કાર્યો જેવા કે, વ્યવસાયિક, સામાજિક અને દાન-ધર્મના કાર્યોમાં, બરોબર ફાળો આપેલ છે. શશીભાઈના પરિવારમાં સંસ્કારનું સિંચન કરવામાં અને માનસિક, સામાજિક અને વ્યવહારિક જ્ઞાન આપવામાં અને સામાજિક દરજ્જો સ્થાપવામાં અગમ્ય શક્તિ અને પ્રેરણા પૂરી પાડનાર તેમના પત્ની શ્રીમતી ચંદ્રાબેનનો ફાળો પણ ખૂબ જ મોટો છે. તેમના સંસ્કાર કેવા છે તેનો એક દાખલો, તેમના પૌત્ર અભિષેક તુષાર વાધરનો છે. અભિષેક અમેરિકામાં મિકેનિકલ એન્જિનિયરિંગ અને માસ્ટર ઈન ફાઈનાન્સ ભણવા ગયેલા. એ જ્યારે અમેરિકાથી પરત આવ્યા, ત્યારે તેમણે ત્યાં કોલેજકાળ દરમિયાન 'પાર્ટ ટાઈમ જોબ' (જે કમ્પલસરી હોય છે) કરીને કમાયેલા પૈસા તેના દાદા શશીભાઈને આપેલ અને તેને કોઈ સત્કાર્યો માટે વાપરવાનું કહ્યું. ત્યારે દાદા શશીભાઈને તેના પર ગૌરવ થયેલ અને ખૂબ જ ખૂશ થઈ ગયેલ અને આ વિચાર તેમણે સામાજિક સંસ્થામાં દાન આપતી વખતે જાહેરમાં કહેલ અને ગૌરવ અનુભવેલ. તેઓ ફક્ત દાન ન કરતા, પરંતુ સેવા કરતા અને તેઓ, આ સંસ્કારો પરિવારમાં હોવાનું ગૌરવ અનુભવતા. સમાજ સેવામાં સદા અગ્રેસર રહેનાર શશીભાઈ, વ્યવસાયમાં વ્યસ્ત હોવા છતા એક પછી એક સંલગ્ન સંસ્થાઓ જેવી કે, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ, વી.સી. લોઢાવાળા હોસ્પિટલ (નવજવાન સંઘ), બહેરાં-મૂંગા શાળા, અંધ ઉદ્યોગ શાળા, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, પી.એન.આર.ની સી.પી. બાળકોની સંસ્થા, પી.એન.આર.નું વિકલાંગોના કૃત્રિમ સાધનોનું વર્કશોપ, પી.એન.આર. પોલિયો હોસ્પિટલ, દેશભરમાં યોજાતા કૃત્રિમ પ્રભા ફૂટના કેમ્પ વિગેરેમાં તન, મન અને ધનથી જોડાયેલા રહ્યાં છે. તેઓ હંમેશા સમાજ સેવા માટે ખડેપગે તૈયાર રહેતા. 'સમઢિયાળામાં અબોલ જીવ માટેની સંસ્થામાં' પણ તેઓ સક્રિય રીતે યોગદાન આપતા હતા. ભાવનગર ગંગાજળિયા તળાવને વિકસાવવામાં અંગત રસ લઈને અને જૈન ભોજનશાળા કે જ્યાં રાહતદરે સાત્વિક ભોજન મળી રહે, તે રીતે દરેકમાં માત્ર પૈસા કે દાન આપીને જ નહીં, પરંતુ વ્યક્તિગત રસ લઈને વધુ સરસ અને સુંદર રીતે પૈસાની તૂટ વિના કામ અવિરત રીતે થાય, તેવી વ્યવસ્થા ઉભી કરી દેતા. ભાવનગરમાં ૪૦ વર્ષ પહેલાં પ્રથમવાર સમૂહ લગ્નનું આયોજન થયેલું, તે આયોજન સફળ કરવા તન, મન, ધનથી જોડાઈ ગયેલાં.

કોઈપણ સામાજિક કાર્યમાં સદા આર્થિક રીતે મદદ કરવા તૈયાર રહેનાર શશીભાઈ એક સંવેદનશીલ અને લાગણીશીલ વ્યક્તિત્વ ધરાવતા હતા. આવા દૈવી પુરુષ જેવા પિતા અને વડિલને ગુમાવવાનો તેમના કુટુંબીજનોને તો અફસોસ હોય જ, પણ વિવિધ સંસ્થાઓના તમામ કાર્યકરોને પણ ઉંડું દુઃખ છે.

## વિવિધ સંસ્થાઓએ શોક સંદેશાઓ મોકલ્યા છે, જેમાં...

- PNR સોસાયટી
- PNR મુંબઈ કમિટી - મુંબઈ
- PNR હોસ્પિટલ
- ભાવનગર નવજવાન સંઘ
- કે. કે. અંધ ઉદ્યોગ શાળા
- NAB ભાવનગર જિલ્લા શાખા
- 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા
- શ્રી ખી.લ.બહેરાં-મૂંગા શાળા
- જીતુભાઈ વાઘાણી - પૂર્વ કેબિનેટ મંત્રી, ગુ. રા.
- ઓમશ્રી રામમંત્ર મંદિર ટ્રસ્ટ
- શ્રી ભાવનગર દશા શ્રીમાળી મેશ્રી વણિક જ્ઞાતિ
- વિકાસ વર્તુળ ટ્રસ્ટ
- ભાવનગર જિ. અગરબત્તિ એસોસિએશન
- કેડાઈ, ભાવનગર
- શ્રી અવસર ગ્રુપ
- શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળ
- શ્રી દશાશ્રીમાળી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તળપદા તપાતડ
- મંગલ ચેરિટેબલ ટ્રસ્ટ
- ભાવનગર ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિઝ
- સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિઝ
- ચિત્રા ઈન્ડસ્ટ્રિઝ એસોસિએશન
- શ્રી સુગન્ન સેન્ટર
- શ્રી ગિરીશભાઈ શાહ
- શ્રી કોમલકાંત શર્મા
- એચ.કે. આચાર્ય એન્ડ કંપની
- વિનોદ સરવૈયા એન્ડ કંપની
- દીપક જોષી, BBC ફોટો જર્નાલિસ્ટ - U.K.
- કેરોલીના અને જગદીશ વાધર - USA
- ભરત પંડયા, પૂર્વ પ્રદેશ પ્રવકતા, ભાજપ
- રિષભ સી. કોઠારી, ફ્રાગ્રાન્સ ફલેવર્સ - મુંબઈ
- જન સંકલ્પ ટ્રસ્ટ સંચાલિત જૈન ભોજનાલય - અમદાવાદ
- ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, નવસારી.



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**એપ્રિલ -`૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૬૨ | ૦૧ |
| આંખ | ૮૮૫ | ૩૪૩ |
| આંખની છારી | ૪૪ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૨૮૨ | ૧૧૯ |
| ઓર્થોસ્કોપી | ૩૮ | - |
| ઓર્થોડેન્ટલ | ૧૪૬ | ૧૩૨ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૫૯૪ | - |
| એક્ષ-રે | ૪૯ | - |
| લેબોરેટરી | ૪૦૦ | ૧૨૯૦ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૨૩ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૨ | ૦૫ |
| આંખના પડદા | ૨૨ | - |
| ત્રાંસી આંખ | ૫૩ | ૧૧ |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૮૪ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૪૬ | - |

**પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| પ્લાસ્ટિક સર્જરી | ૩૭ | ૧૧ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૨૧ | ૧૩ |
| રૂબેલા વેકિસન | ૦૩ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૮૨** લાભાર્થીઓએ **રૂા. ૮,૧૭૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૨૧** દર્દીઓએ **રૂા. ૨,૩૦૦/-** ની સહાય મેળવેલ છે.



◈ પી.એન.આર. હોસ્પિટલમાં આઈ ડિપાર્ટમેન્ટ (આંખ વિભાગ) માં સામાન્ય પણ વિશેષ રૂપે કામ થઈ રહ્યું છે.

◈ ઓપ્થલમિક સર્જન ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. પાયલબેન અરોરા, ડૉ. હર્ષાબેન મહેશ્વરી ડૉક્ટરશ્રીની ટીમ દ્વારા એપ્રિલ માસમાં ઓ.પી.ડી. ૮૮૫ અને આંખના ઓપરેશન ૩૪૧ કરવામાં આવેલ હતાં.

◈ દર્દીના ૨૪૦ મોતિબીન્દુ ઓપરેશન દાતાશ્રીઓના સહયોગથી ફ્રી કરવામાં આવેલ હતાં. વિભાગમાં પ્રતિદિન કામ વધતુ રહ્યું છે. પી.એન.આર. હોસ્પિટલનું ફ્રી ઓપરેશન અને રાહતના દરે છારી તથા દર્દીની પસંદગીથી કંપનીના ફોલ્ડેબલ લેન્સ ફેકો મશીન દ્વારા ઓપરેશન કરવામાં આવી રહ્યા છે.

◈ પી.એન.આર. સોસાયટીના નટરાજ કેમ્પસમાં પ્રથમ બિલ્ડિંગના બાંધકામ સમયે જસવંતરાય પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી વિઝિટિંગ રૂમ માટે રૂા. ૫ લાખનું મહેન્દ્રભાઈ પારેખ-મુંબઈ તરફથી અનુદાન મળેલ. હાલ ફેબ્રુઆરી-`૨૩ ના માસમાં મહેન્દ્રભાઈ જે. પારેખ ભાવનગર આવતા નટરાજ કેમ્પસની મુલાકાત લીધેલ, ત્યારે પી.એન.આર. માં દિવ્યાંગતા અંગે તથા હોસ્પિટલ સંદર્ભે થઈ રહેલ કામની સમીક્ષા મહાસુખભાઈ જકડિયા તરફથી કરવામાં આવેલ, તે સમયે હોસ્પિટલની જરૂરિયાત માટે આંખ વિભાગમાં કેટરેકટ માટે કામ થઈ રહ્યું છે, તેનાથી પ્રભાવિત થઈ આંખ સબંધિત વધતા કામ માટે ZEISS કંપનીનું ૧૦ લાખની કિંમતનું માઈક્રોસ્કોપ ઈન્સ્ટ્રુમેન્ટ, તેમના ધર્મ પત્નિ સ્વ. સ્મિતાબેનની સ્મૃતિમાં આપેલ છે, તેથી હોસ્પિટલમાં વધુ સુવિધા પ્રદાન થઈ છે.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



રાજેશભાઈ હકાણી

## ૪૭માં સ્થાપના દિન નિમિત્તે ૧૧૧ લાભાર્થીને બેતાળા ચશ્મા વિતરણ :





શેઠ શ્રી વી.સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલના અખાત્રીજે ૪૭મા સ્થાપના દિવસ નિમિત્તે શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિકમાં સ્વ. કંચનબેન કનૈયાલાલ દામોદર શાહના સ્મણાર્થે પરિવારના શ્રીમતી ભાનુબેન ચીમનલાલ કે. શાહના સૌજન્ય તથા સંસ્થાના સંયુકત ઉપક્રમે **બેતાળા ચશ્મા વિતરણ કેમ્પ** રાહતદરે ફકત રૂા. ૧૦/- માં તા. ૩૦ એપ્રિલ ના રોજ યોજાયો હતો. તેમાં ૧૧૧ લાભાર્થીને આંખના નંબર તપાસી ચશ્મા વિતરણ કરાયા હતાં. કેમ્પની સફળતા માટે મંત્રીશ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, શ્રી કીર્તિભાઈ ગાંધી, શ્રી વિરેન્દ્રભાઈ ડી. શાહ, શ્રી વસંતભાઈ ઉપાધ્યાય, શ્રી નીલમબેન તથા શ્રી સનાબેને ભારે જહેમત ઉઠાવી હતી.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



જીજ્ઞેશ પારેખ

## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

તા. ૩ થી ૫ એપ્રિલ'૨૩ ના રોજ **કોન્જીનીટલ ડિફોરમીટી પ્રોજેકટ** અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન દાતા શ્રી જીતેન્દ્રભાઈ ભણસાલી-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૨૮** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૨** કપાયેલાં હોઠના, **૨** તાળવામાં કાણું, **૩** હાઈપોસ્પીડિયા, એમ કુલ **૦૮** ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યાં હતાં. આ કેમ્પ ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

**વિવિધા**

## કેરળ : ઓટિઝમ ધરાવતાં બાળકોના માતા-પિતા માટે કામના કલાકોમાં છૂટછાટ

કેરળ સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. જેમના બાળકો ઓટિઝમ (બહુવિધ દિવ્યાંગતા અને માનસિક દિવ્યાંગતા) નો શિકાર હોય તેવા સરકારી કર્મચારીઓ માટે કામના કલાકોમાં છૂટછાટની જાહેરાત કરી છે. રાજયએ એક નિવેદનમાં જણાવ્યું છે કે જે સરકારી કર્મચારી, ૪૦% કે તેથી વધુ દિવ્યાંગ બાળકોના માતા-પિતા છે તેમને કામના કલાકોમાં છૂટછાટ આપવામાં આવે છે. પિનરાઈ વિજયનની અધ્યક્ષતામાં યોજાયેલી રાજય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઓટિઝમ એક પ્રકારની માનસિક સમસ્યા છે અને તેનાથી પીડિત બાળકોને શીખવામાં અને સમજવામાં તકલીફ પડે છે.

**સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

## સંસ્થા મુલાકાત :




તા. ૧૪ એપ્રિલ ૨૩ના રોજ પોરબંદર ખાતેના ઈન્ડિયન નેવી લેફ. કમાન્ડર ભાસ્કરરાવ સરની ભાવનગરની આપણી સંસ્થાની મુલાકાત દરમ્યાન તેઓ પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતાં. તેમના નેતૃત્વમાં ઈન્ડિયન નેવી ગ્રુપના ૪૦ ઓફિસર ભાઈઓ-બહેનો, જેઓએ સામાજિક ઉત્તરદાયિત્વના કાર્ય હેઠળ સંસ્થા મુલાકાત લઈ, પી.એન.આર. સોસાયટી સંચાલિત વિવિધ પ્રવૃત્તિઓમાં લાભ લેતા દિવ્યાંગ બાળકોની હલન-ચલનની સમસ્યામાં રાહત મળે તે હેતુથી પાંચ વ્હીલચેર વિતરણ કરી હતી.

## ડૉક્ટર વિઝીટ :

તા. ૨૯ એપ્રિલ ૨૩ના રોજ ભાવનગરના પ્રખ્યાત ડૉ. પ્રિતી મુની તથા ડૉ. મનોજ પટેલ દ્વારા શાળાની મુલાકાત લીધી હતી. જેમાં ડૉ. મનોજ પટેલ હોમિયોપેથીમાં રિસર્ચ કરી રહ્યા છે. જેમાં સેરેબ્રલ પાલ્સિ (સી.પી.) માં હોમિયોપેથી સારવાર કઈ રીતે મદદરૂપ થઈ શકે છે ? કેટલી ? અને ક્યાં ? એ સંદર્ભ શાળાના દિવ્યાંગ બાળકોની રૂબરૂ મુલાકાત લઈ તેની સ્થિતિ, કારણો, જવાબદાર પરિબળોની વિસ્તૃત ચર્ચા કરી હતી.



# અંબા - સી.પી. હોસ્ટેલ



લાલજી પંડ્યા

## નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ

### નાસ્તો

- તા. ૧૦ એપ્રિલના રોજ શ્રી યશપાલસિંહ વાઘેલા તરફથી...
- તા. ૧૦ એપ્રિલના રોજ શ્રી મનીષભાઈ ટીમાણિયા તરફથી...
- તા. ૧૮ એપ્રિલના રોજ શ્રી પૂજાબેન બુધેલિયા તરફથી...
- તા. ૨૧ એપ્રિલના રોજ શ્રી પલ્લવીબેન જોષી તરફથી...
- તા. ૨૮ એપ્રિલના રોજ શ્રી દેવાંગભાઈ જોષી તરફથી...

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૦ એપ્રિલના રોજ શ્રી ગીતાબેન ઠાકર તરફથી...
- તા. ૨૩ એપ્રિલના રોજ શ્રી મહેન્દ્રભાઈ પટેલ તરફથી...
- તા. ૨૫ એપ્રિલના રોજ શ્રી ઘનશ્યામસિંહ જાડેજા તરફથી...

## દિવ્યાંગોની તરફેણમાં કર્ણાટક હાઈકોર્ટ

તા. ૧૫ ફેબ્રુ. ૨૩ ના અંકમાં છપાયેલા સમાચાર અનુસાર કોઈ સંસ્થામાં કામ કરતા કોઈ પુરુષ કે સ્ત્રીને દિવ્યાંગતા આવી જાય તો તેના હોદ્દામાં ઘટાડો થઈ શકતો નથી કે તેમને નોકરીમાંથી દૂર કરી શકાતા નથી સાથે જ તેમના પગારમાં કોઈ કાપ મૂકી શકાતો નથી. કર્ણાટકની હાઈકોર્ટમાં ન્યાયાધિશ સૂરજ ગોવિંદરાજે એ પાર્લામેન્ટ ધારા ૧૯૯૫માં પસાર કરેલા કાયદા પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ (ઈક્વલ ઓપોર્ચ્યુનિટીઝ, પ્રોટેકશન ઓફ રાઈટ્સ એન્ડ ફુલ પાર્ટિશીપેશન) ની કલમ૪૭ નો આધાર લઈને આ સીમાવર્તી ચૂકાદો છે. ઉપરાંત દિવ્યાંગતા આવી પડે તો તે પીડિતની ક્ષમતાને અનુરૂપ કામ આપવું. નોંધનીય છે કે પીડિતનું મહેનતાણુ જયારથી બંધ કર્યું હોય તે સમયથી એરિયર્સ અને વ્યાજ સહિત ચૂકવવાનો ચૂકાદો આપ્યો છે. ૧૯૯૫માં પસાર કરેલા આર. સી.આઈ. ના કાયદાનું આ એકસટેન્સન અને વિશેષ અર્થઘટન છે.

**સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા - સંવાહક : પીયૂષ પારાશર્ય**

## શશીભાઈ રતિલાલ વાઘર

| | | |
|---|---|---|
| **જન્મ તારીખ** | : | ૧-૬-૧૯૪૫ |
| **અવસાન તારીખ** | : | ૧૨-૫-૨૦૨૩ |
| **પત્ની** | : | ચંદ્રાબેન શશીકાંત વાઘર |
| **પિતા** | : | રતિલાલ મોનજીભાઈ વાઘર |
| **માતા** | : | પ્રભા કુંવરબેન રતિલાલ વાઘર |
| **જન્મભૂમિ** | : | રાજકોટ |
| **કર્મભૂમિ** | : | ભાવનગર |
| **બહેનો** | : | પ્રફૂલાબેન, જયશ્રીબેન, ચંદ્રિકાબેન |
| **પુત્રો** | : | |
| હિતેન શશીકાંત વાઘર | : | **પુત્રવધૂ** - અમિતા હિતેન વાઘર |
| તુષાર શશીકાંત વાઘર | : | **પુત્રવધૂ** - નયના તુષાર વાઘર |
| નિલેશ શશીકાંત વાઘર | : | **પુત્રવધૂ** - અંજના નિલેશ વાઘર |
| **પૌત્રો** | : | સિધ્ધાર્થ નિલેશભાઈ વાઘર |
| | | અભિષેક તુષાર વાઘર |
| **પૌત્રી** | : | એકતા હિતેન વાઘર |
| | | ખુશાલી હિતેન વાઘર |
| | | દ્રષ્ટિ નિલેશ વાઘર |
| | | ક્રિના તુષાર વાઘર |




# સ્વ. શશીભાઈ અને તેમનો પરિવાર



હર્યો-ભર્યો પરિવાર...



પૂર્વ શેરીફ શ્રી મોહનભાઈ પટેલ સાથે...



બહેનો સાથે...



શ્રી નટવરભાઈ દેસાઈ સાથે...



શ્રી બાબાભાઈ સાથે...



મુખ્યમંત્રી (હાલ પ્રધાનમંત્રી) શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે...



ગુજરાતના પૂર્વ રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી સાથે...



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે...



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે...



સ્વ. પ્રતાપભાઈ શાહ સાથે...



VCL એન્યુઅલ રિપોર્ટ વિમોચન કરતા...



મુંબઈ AGM માં...



પૌત્ર અભિષેક અને સ્વામીજી સાથે...




A.T. & T. ના કાર્યક્રમમાં...




મોટિવેશન સ્પીકર ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી સાથે...



સાઈન લેંગ્વેજ સી.ડી. ના કાર્યક્રમમાં...




અંધશાળામાં ૭૨માં પ્રજાસત્તાક કાર્યક્રમમાં...




શ્રી રશ્મિબેન અને શ્રી પ્રતાપભાઈ સાથે...

સફળ ઉદ્યોગકાર, સંવેદનશીલ સમાજ સેવક અને ઉમદા મહાજન એવા શશી ઈન્ડસ્ટ્રિઝવાળા મુ. શશીભાઈનું અવસાન આપણા સૌ માટે દુ:ખદ છે, એમના સમાજ માટે કરેલ દાન ઉચ્ચ સેવાભાવથી જોડાયેલ રહ્યા છે, એમની ચોક્કસાઈ, નિયમિતતા અને નિષ્ઠા હંમેશા પ્રેરણાદાયી છે. એમની સરળતા અને નીરઅભિમાનીપણું આપણને સ્પર્શી જાય છે. એમના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે એ માટે પ્રાર્થના.

**- બકુલભાઈ ચાતુર્વેદી, ફૂલછાબ**

''સ્વ. શશીભાઈ અને ચંદ્રાબેને શ્રી સંઘના જીવદયાના કાર્યો, સાધાર્મિક ભક્તિના કાર્યો, પરમાત્મા ભક્તિના કાર્યો, ગુરુ ભગવંતોની વૈયાવચ્ચના કાર્યો વિગેરેમાં, સમર્પણ ભાવથી દાનની ધારા વહાવી છે. તેમના જવાથી શ્રી સંઘના જગડુશા જેવા દાતાની ખોટ પડી છે.''

**- આચાર્ય ભગવંત નિર્મળચંદ્ર સુરિ મહારાજ,**
**આચાર્ય ભગવંત જિનેશચંદ્ર સુરિ મહારાજ**
**(વડોદરા)**



ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ સાથે...



PNR હોસ્પિટલમાં
બ્લડ ચેકઅપ કેમ્પના કાર્યક્રમમાં...

પી.એન.આર. સોસાયટીના કાર્યકરો સાથે...



''શ્રી નવકારની કૃપાથી શાતામાં છીએ... તમારા ઉદાર-દાનવીર-ધર્મપ્રિય પિતાશ્રી શશીકાંતભાઈના આઘાતજનક સમાચાર મળ્યા. એક સફળ ગૃહસ્થ-સુશ્રાવક તરીકે એમનું જીવન વિશિષ્ટ હતું. એમના સદગુણોની સુવાસ જિનશાસનમાં ખૂબ પ્રસરી છે. સામાજિક ક્ષેત્રે પણ એમનું યોગદાન યાદગાર છે. અમારી સાથે અયોધ્યાપુરમ્ તીર્થ સાથે એમનો ઘનિષ્ટ સંબંધ રહ્યો.''

**- સા. શ્રી જિનચન્દ્ર સાગર સુરી.,**
**સા. શ્રી હેમચન્દ્ર સાગર સુરી., અયોધ્યાપુરમ્ તીર્થ**



વકતવ્ય આપતા...



શ્રેષ્ઠ કામગિરી બદલ સન્માનિત કરતા...



શ્રી પ્રકાશભાઈને મોમેન્ટો આપતા...

PNR હોસ્પિટલમાં કાર્ડિયોલોજીસ્ટ કન્સલ્ટેશન કેમ્પમાં...





દાતાશ્રી તરફથી ચેક સ્વિકારતા...



દિવ્યાંગ બાળકને વ્હીલચેર અર્પણ કરતા...



મેડિકલ વાન અર્પણ સમારોહમાં...



સ્વ. શશીભાઈની પ્રાર્થના સભા...




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## સમર કેમ્પનું આયોજન :



શાળામાં તા. ૧૭ એપ્રિલ થી ૨૧ એપ્રિલ સુધી **સમર કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. તેમાં બાલમંદિર થી લઈ ધો. ૯ ના સુધીના શાળાના અને અન્ય શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધેલ અને સમર કેમ્પની મજા માણી હતી. સમર કેમ્પ દરમિયાન વિવિધ રમતો અને સ્પર્ધાઓ કરવામાં આવેલ. જેમકે, આર્ટ એન્ડ ક્રાફટ, લોટ ફૂંક, દોડ, લીંબુ ચમચી, વેસ્ટમાંથી બેસ્ટ, સંગીત ખુરશી, તેમજ ક્રિકેટમાં ભાઈઓ અને બહેનોની ટીમે પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમાંથી પ્રથમ ત્રણ નંબર મેળવેલ કુલ ૪૦ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ અને બીજા તમામ બાળકોને સંસ્થા તરફથી પેન્સિલ રબરની કીટ, તેમજ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવેલ. સમર કેમ્પના છેલ્લા દિવસે દરેક બાળકોને મૂવી બતાવેલ. ત્યારબાદ નાસ્તો કરાવી સમર કેમ્પ પૂર્ણ કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા, તેમજ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



## પેરેન્ટસ્ ટ્રેનિંગ પ્રોગ્રામઃ

નટરાજ સી.પી. સ્કૂલ અંતર્ગત તા. ૨૦ એપ્રિલ થી તા. ૨૮ એપ્રિલ '૨૩ દરમ્યાન દિવ્યાંગ બાળકોના વાલીઓ માટે **વાલી તાલીમ** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના શિક્ષકગણ દ્વારા ભાગ લેવામાં આવેલ. જેમાં ટ્રેનિંગ દરમ્યાન જુદા જુદા વિષયના નિષ્ણાંતો દ્વારા ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, ઈન્ટેલેકચ્યુઅલ ડિસેબલ્ડ બાળકોની સમસ્યાઓની પ્રત્યક્ષ અનૂભુતી, તેમની સમસ્યાઓ સાથે પ્રેમથી કઈ રીતે વર્તવું, વેકેશન દરમ્યાન બાળકોની કઈ-કઈ બાબતોની તકેદારી રાખવી તે અંગે સચોટ અને ઉંડાણપૂર્વક પ્રત્યક્ષ અનુભવ સાથે સમજૂતી આપવામાં આવેલ.

## વાર્ષિક ઉત્સવ :

તા. ૨૮ એપ્રિલ'૨૩ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલના વાર્ષિક ઉત્સવ ગીષ્મતાલ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વાલીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા કૃતિઓ રજુ કરવામાં આવેલ. વિકાસ પ્રોજેક્ટના મોટા બાળકો દ્વારા **સેવ ધ ટ્રી** કૃતિ રજૂ કરવામાં આવેલ. વાલીઓ દ્વારા **શોર્યગીત** રજૂ કરવામાં આવ્યું હતું જે બન્ને કૃતિઓની શ્રોતાઓ તથા ટ્રસ્ટીગણે પ્રશંસા કરેલ.

# બે હાથ અને બે પગ ગુમાવનાર ડી. ચંદ્રમૌલીને I.I.M. અમદાવાદમાં એડમિશન

**પોતાની બેનની વીંટી ઘર સામેના રોડમાં શોધવા ગયેલ ડી. ચંદ્રમૌલી અચાનક હાઈવોલ્ટેજ વાયરના સંપર્કમાં આવતા બે હાથ અને બે પગ (ચાર લિમ્બ) ગુમાવી બેઠેલ. ડૉક્ટરોએ ચારેય લિમ્બને એમ્પ્યુટ કરવાની ફરજ પડી. ડી. ચંદ્રમૌલીએ હિંમત હારી નહીં અને અભ્યાસ સક્ષમ માધ્યમથી ચાલુ રાખ્યો. ચંદ્રમૌલીના પિતા ચોકીદાર છે. આ સ્થિતિમાં C.A.T. ની પરીક્ષા સારા ક્રમે પાસ કરી. હાલ તે પોતાના પિતા સાથે નરસીપટ્ટનમમાં રહે છે. સૌ પહેલા તેણે Law ની ડિગ્રી લઈને સ્વસ્થ શરીરે એમેઝોનમાં નોકરી કરી. પરંતુ તે કંઈક મોટું કરવા માંગતો હતો. ગંભીર અકસ્માત પછી પણ પોતાની મહત્વાકાંક્ષાને ચાલુ રાખી. આ મક્કમ મને તેને અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટમાં પોસ્ટ ગ્રેજ્યુએશન મેનેજમેન્ટ કરવા એડમિશન મેળવ્યું છે, આમ તેણે અંગ્રેજી કહેવત Wher there is a will, there is a way (જો પ્રબળ ઈચ્છા હોય તો તેનો રસ્તો પણ મળે છે) ને સાર્થક કરી અને બીજા દિવ્યાંગ-વિકલાંગ માટે પ્રેરણા આપી છે. સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ



✍ કૌશિક પરમાર

## નોકરીની તલાશમાં સંસ્થામાં આવેલા વાહિદભાઈ બન્યા સફળ તાલીમાર્થી :



અંદાજે પાંચ માસ પહેલા ભાવનગર જીલ્લાના ભાદ્રોડ ગામના વાહિદભાઈ પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટની મુલાકાતે આવેલ. વિભાગમાં આવીને પૂછ્યું...''હું નોકરી કરવા ઈચ્છુ છું. અહીં કોઈ નોકરી ખાલી છે ?'' જવાબ મળ્યો હાલમાં અહીં જગ્યા ખાલી નથી. જયારે જરુર હશે ત્યારે કહીશું. આવો જવાબ સાંભળીને વાહિદભાઈના ચહેરા ઉપર થોડા સમય માટે નિરાશા જાગી હતી. થોડી વાર વિચાર કરી વાહિદભાઈએ બીજો પ્રશ્ન પૂછયો.. ''હું વિકલાંગ છું. મને જાણવા મળ્યુ છે કે સંસ્થા વિકલાંગોને મદદરુપ થાય છે તો, મને સંસ્થા તરફથી મદદ મળી શકે ખરી ?'' જવાબ મળ્યો.. ''હા. આ વિભાગમાં વિકલાંગોને કોમ્પ્યુટરની વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે, તેમાં તમે જોડાઈ તાલીમનો લાભ મેળવી શકશો. કોમ્પ્યુટર શીખ્યા પછી તમને નોકરી મેળવવામાં સરળતા રહેશે.'' આ જવાબ બાદ વાહિદભાઈના ચહેરા ઉપર આશાનું એક કિરણ દેખાયું. વાહિદભાઈએ એડમિશન ફોર્મ ભરી તાલીમ મેળવવાનું શરુ કર્યું. બેઝિક કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. ત્યારબાદ હાલ ડીટીપીનો કોર્સ કરી રહયા છે. ભવિષ્યમાં એડવાન્સ લેવલના કોર્સ કરી, કોમ્પ્યુટર ક્ષેત્રે પોતાની કારકીર્દી બનાવવાની ઈચ્છા વ્યકત કરી છે.

તાલીમ દરમ્યાન વાહિદભાઈનો કેસ સ્ટડી તૈયાર કરવામાં આવ્યો. વાહીદભાઈ ૩૩ વર્ષના છે. પાંચ વર્ષની નાની ઉંમરે જ પગમાં વિકલાંગતા આવી ગઈ. પિતા રીક્ષા ચલાવે છે. પરિવારની આર્થિક સ્થિતી નબળી હોવા છતાં વાહિદભાઈએ ધોરણ ૧ થી ૮ સુધી પોતાના ગામમાં જ અભ્યાસ કર્યો. પરંતુ પોતાના ગામમાં નોકરી મળવાની શકયતા ન હતી, ઉપરાંત વ્યવસાય કરી શકે તેવી ક્ષમતા પણ ન હતી. અંતે ગામડું છોડી ભાવનગર આવ્યા. ઠંડાપીણાની દુકાનમાં નોકરી મેળવી લીધી. પરંતુ વાહિદભાઈ આવક વધારવા ઈચ્છતા હતા, પોતાના પરિવારને મદદરુપ થવા ઈચ્છતા હતા. સ્વભાવે એકદમ શાંત અને સરળ સ્વભાવના વાહિદભાઈ તાલીમમાં ઓતપ્રોત થઈ, એક પણ દિવસ ચૂકયા વગર દરરોજ સમયસર આવી કોમ્પ્યુટર શીખી રહયા છે. સંસ્થામાંથી જ તેમને નોકરીની માહિતી મળી રહી છે, માર્ગદર્ન મળી રહયું છે. કોમ્પ્યુટરની તાલીમ બાદ તેમને સારી નોકરી મળી જશે એવો આત્મવિશ્વાસ તેમનામાં આવ્યો છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (સ્પે. બી.એડ્. - H.I.)



✍ વર્ષા ચૌહાણ

## કોન્ટેકટ પ્રોગ્રામ :

શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય સ્પે. બી.એડ (HI) ના વર્ષ જાન્યુઆરી-૨૦૨૧ થી ૨૦૨૩માં થયેલ એડમિશનની કુલ ૩ બેચનો કોન્ટેકટ પ્રોગ્રામ તા. ૨ મે થી તા. ૧૩ મે દરમ્યાન નટરાજ કોલેજ સેન્ટર, ભાવનગર ખાતે યોજાયેલ.



| ક્રમ | વર્ષ | તાલીમાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૦૧ | જાન્યુ.`૨૧ થી જૂન/જૂલાઈ`૨૩ | ૦૮ |
| ૦૨ | જાન્યુ.`૨૨ થી જૂન/જૂલાઈ`૨૪ | ૦૫ |
| ૦૩ | જાન્યુ.`૨૩ થી જૂન/જૂલાઈ`૨૫ | ૩૭ |

આ કોન્ટેકટ પ્રોગ્રામમાં કુલ ૩ બેચના તાલીમાર્થીઓને જુદા-જુદા વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં થીયરી અને પ્રેકિટકલના વિષયોથી માહિતગાર કરવામાં આવેલ. આ કોન્ટેકટ પ્રોગ્રામ દરમ્યાન સેન્ટર દ્વારા શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા તેમજ નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સિ) બાળકોની વિશિષ્ટ શાળાની મુલાકાત, શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા કરાવવામાં આવેલ. આ તાલીમાર્થીઓ માટે એક દિવસીય પિકનીકનું આયોજન નિષ્કલંક મહાદેવ, કોળિયાક ખાતે કરવામાં આવેલ.

આ કોન્ટેકટ પ્રોગ્રામ દરમ્યાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાદેશિક કેન્દ્ર ભાવનગરના હેડ શ્રીમતી પ્રિતીબેન ભટ્ટ દ્વારા સેન્ટરની મુલાકાત કરવામાં આવેલ. તમામ તાલીમાર્થીઓએ રસપૂર્વક આ કોન્ટેકટ પ્રોગ્રામમાં હાજરી આપી હતી અને આ સાથે તા. ૧૩ મે ના રોજ સફળતાપૂર્વક આ વર્ષનો કોન્ટેક્ટ પ્રોગ્રામ પૂર્ણ થયેલ. સ્પે.બી.એડ (HI) ની કામગીરી આ અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટર શ્રી વર્ષાબેન વી. ચૌહાણ દ્વારા કરવામાં આવી રહી છે.

## ગોલ્ડ / સિલ્વર / સર્ટિફીકેટ મેળવનાર તાલીમાર્થીઓ :

તા. ૧૪ એપ્રિલના શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે પદવીદાન સમારંભ યોજાયેલ. જેમાં નટરાજ કોલેજ સેન્ટરના સ્પે. બી.એડ.ના કુલ ૩ તાલીમાર્થીઓએ નીચે મુજબ રેંક મેળવેલ.

| ક્રમ | તાલીમાર્થીનું નામ | રેન્ક |
|---|---|---|
| ૦૧ | ભટ્ટ કિંજલ ઈતેશકુમાર | ગોલ્ડ |
| ૦૨ | ગોહેલ હાર્દિક વિનોદભાઈ | સિલ્વર |
| ૦૩ | લાઠિયા શીતલ વલ્લભભાઈ | સર્ટિફીકેટ |

## સંસ્થા મુલાકાત :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ભાવનગર સેન્ટરના બી.એડ. સ્પે. એજ્યુ. એચ.આઈ.ના તાલીમાર્થીઓએ શાળા તથા વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી.



# યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

✍ છાયા જોષી



## શ્રી મહાસુખભાઈ જકડિયા દ્વારા નટરાજ લાઈબ્રેરીમાં ભેટ આવેલા પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર | પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|---|---|
| ડિસ્કવરી ઓફ ઈન્ડિયા | ઈતિહાસ | ગીતાઈ ચિંતનિક | અધ્યાત્મિક |
| એન ઓટો બાયોગ્રાફી | ઈતિહાસ | અષ્ટાવક્ર ગીતા | ગુજરાતી ભાષાંતર |
| શ્રી ગુરૂજી | સાંસ્કૃતિક | સ્વની ઓળખ | અધ્યાત્મિક |
| કલરવ | સાંસ્કૃતિક | સાધક સાથી | અધ્યાત્મિક |
| આંગણની તુલશી | સાંસ્કૃતિક | દ્રષ્ટિ અને દર્શન | સાંસ્કૃતિક |
| હવે પહેલા કરતા સારૂં લાગે છે | પર્સનાલિટી ડેવલોપમેન્ટ | જીવન ચરિત્ર (ગુરૂજી ગોળવરકર) | સાંસ્કૃતિક |
| હળવો હાથ | હાસ્ય | શ્રી રામકૃષ્ણા કથામૃત | સાંસ્કૃતિક |
| વૃધ્ધત્વના વળાંકે | સબંધ | જીજ્ઞાસુ પીયૂષ | અધ્યાત્મિક |
| ઈશ્વરની અમુલ્ય ભેટ - દીકરી | પ્રેરક પ્રસંગ | ભારતનો સંત | અધ્યાત્મિક |
| જીવન ધારા | લેખ | સત્સંગ અને સ્વાધ્યાય | અધ્યાત્મિક |
| હું અને મારી બા | પ્રેરક પ્રસંગ | મહા ચિદાકાસ | અધ્યાત્મિક |
| કર વિચાર, તો પામ | પ્રેરક પ્રસંગ | યોગ વશિષ્ટ | અધ્યાત્મિક |
| પંચામૃત | પ્રેરક પ્રસંગ | તેરા તુજકો અર્પણ | અધ્યાત્મિક |
| માર્ગ અનેક મંજીલ એક | પ્રેરક પ્રસંગ | કંઈક જોયું કંઈક જાણ્યું | પ્રાસંગિક |
| ગીતા દર્શન | અધ્યાત્મિક | આંતર મને એજ કલ્પવૃક્ષ | મનો વિજ્ઞાન |



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

ગજાનંદ ભટ્ટ



## શ્રી રાજુભાઈ પટેલનો નિવૃત્તી સમારોહ



શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટના પ્રાથમિક વિભાગમાં DTP વિભાગમાં કાર્ય કરતા, સંસ્થાના કર્મઠ કર્મચારી શ્રી રાજુભાઈ પટેલનો તા. ૨૮ એપ્રિલ-૨૦૨૩ ના રોજ **નિવૃત્તિ શુભેચ્છા સમારોહ** યોજાયો હતો. કમ્પ્યુટર શિક્ષક તરીકે શ્રી રાજુભાઈએ ૩૭ (સાડત્રીસ) વર્ષ સુધી એક સફળ શિક્ષક તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. શ્રવણમંદોના પુનઃસ્થાપન અને તેના સર્વાંગી વિકાસને લગતી તમામ પ્રવૃત્તિઓમાં તેઓ સંવેદનશીલતાથી સહભાગી થયા હતા, જેના કારણે આજે હજારો શ્રવણમંદોના ચહેરા પર સ્મિત જોવા મળે છે અને અહીંથી કમ્પ્યુટર તાલીમ મેળવીને પગભર થયા પછી જ્યારે તેઓ સંસ્થામાં રાજુભાઈને મળવા આવે ત્યારે તેઓના ચહેરા પર સંતોષ અને પગભર થવાનો આનંદ જોવા મળે છે, પ્રિન્ટિંગ ટેકનોલોજીથી લઈને DTP સુધીની સફરમાં તેઓએ શ્રવણમંદોના પુનઃસ્થાપનમાં ખૂબ જ ઉમદા કામગીરી કરી હતી.

સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ જણાવે છે કે, ''ગમે તેવું મુશ્કેલીવાળું કામ હોય પણ કયારેય રાજુભાઈએ ના કહી નથી. દરેક ચેલેન્જ તેણે પોતાની મહેનતથી પાર પાડી અને સંસ્થાની ભાવનગરની બહાર સોનેરી ઝલક આપવાની કામગીરી સારી રીતે પાર પાડી.'' આ ઉપરાંત PNRના માનદ મંત્રી અને 'કોશિશ થી કામયાબી' ના સંપાદક શ્રી કિરીટભાઈ રાઠોડે પણ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, 'કોશિશ થી કામયાબી' મેગેઝિનમાં ઝીણામાં ઝીણી વસ્તુને યાદ રાખીને, PNR સોસાયટી અને સંલગ્નિત બધી સંસ્થાઓની કામગીરીને સારી રીતે લોકોના હાથમાં કઈ રીતે મુકી શકાય તેના વિશેનું પણ તલસ્પર્શી જ્ઞાન શ્રી રાજુભાઈ ધરાવતા હતાં.'' આ પ્રસંગે કે. એલ. ના સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે, શ્રી અશોકભાઈ ખાટસુરિયા, શ્રી નરેન્દ્રભાઈ ગોસ્વામીએ સન્માનપત્રનું વાંચન કરી તથા શ્રી હર્ષાબહેન આસરાએ ઓડિયો-વિડિયો ક્લીપ દ્વારા શ્રી રાજુભાઈ પટેલને તંદુરસ્ત નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે શ્રી કીર્તિદિવભાઈ ગોહિલે ''કભી અલવવિદા ના કહેના'' ગીત ગાઈને સૌને ભાવવિભોર કરી દીધા હતા. કાર્યક્રમના અંતમાં શ્રી રાજુભાઈ તરફથી બધા વિભાગને સમોસા અને સંસ્થા તરફથી મોં મીઠું કરાવવા આઈસ્ક્રિમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, PNR સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી આનંદભાઈ શાહ, શ્રી મિતાબેન ઓઝા અને શ્રીમતી હીનાબેન પટેલ તથા સંસ્થાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કવિતાબેન શાહે કર્યું હતું. આભારવિધિ પ્રા. શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ કરી હતી.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

વિપુલ જેઠવા



● એપ્રિલ `૨૩ માં સ્થાનિક કક્ષાએ ભાવનગર ખાતે કુલ ૨૦૧ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં આશરે ૩૦૯ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૭, ઓર્થોશુઝ-૨,ની-બ્રેસ-૧૮૦, હેન્ડ સ્પીલન્ટ-૩, નાઈટ સ્પીલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૩૦, અન્ય-૪૬, કેલિપર-૧૩, એ.એફ.ઓ.-૧૯, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૦૭ પૂરા પાડવામાં આવેલ. ● સ્થાનિક કક્ષાએ માહે એપ્રિલ `૨૩ માં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ ડૉ. વિપુલભાઈ જેઠવા દ્વારા અલંગ ઓટો તરફથી એક લાખ રૂા. ની મર્યાદામાં યોજાયેલ, જેમાં ૨૦ લાભાર્થીઓને ૨૧ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં. ● સંસ્થાના સિનિયર ડૉ. વિજય નાયક દ્વારા એપ્રિલ માસમાં શીમોગા તથા શીરસી મુકામે તથા ડૉ. વિપુલભાઈ જેઠવા દ્વારા ભાભર તથા નવસારી મુકામે ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં ૩૪૦ જેટલી ની-બ્રેસ બનાવેલ હતી.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા
## કેસ સ્ટડી

જ્યોતિ ભટ્ટી



## 'ઝંઝાવાત સામે ઝઝૂમતો - પ્રશમ વોરા'

ચુસ્ત જૈન ધર્મ પાળતા ઘરમાં જન્મ લેનાર **પ્રશમ**, જન્મ પહેલા જ કીડનીની શારીરિક તકલીફ સાથે જન્મશે, એ જાણી પ્રથમ પુત્રના આગમનની કુટુંબીજનોની અપાર ખુશી વચ્ચે માતા-પિતા તેની શારીરિક તકલીફ માટે ચિંતિત હતાં. તા. ૨૭-૧૨-૨૦૦૨ ના રોજ પુત્રનો જન્મ થયો જે અમારો વિદ્યાર્થી **પ્રશમ આશિષભાઈ વોરા**. જેને યુરીનનું કીડની તરફ વહન થતું અને યુરીન પર નિયંત્રણ પણ ન હતું. જન્મથી જ ઝંઝાવાત સામે ઝઝૂમવાનું શરૂ થયું. હાલ તેણે ધો. ૧૨ (કોમર્સ)ની પરીક્ષા આપેલ છે.

બાળક થોડું મોટું થાય પછી ઓપરેશન થઈ શકે, તે સંજોગોમાં દોઢ વર્ષ સુધી માતા શ્રી હિરવાબેન તથા પિતા શ્રી આશિષભાઈ પોઝિટીવ ઓપ્રોચથી ગંભીર તકલીફ સામે લડતા રહ્યા. ત્યારબાદ ઓપરેશન કરાવ્યું. ૬૦% સફળતા મળી. યુરીન કંટ્રોલ હજુ ન હતો. માતા-પિતાએ હાશકારો અનુભવ્યો, પણ તે જ સમયે તેઓને જાણ થઈ કે તે કોઈપણ પ્રકારના અવાજ સાંભળી શકતો નથી. આ સાંભળતા જ ફરી માતા-પિતાને વજ્રઘાત થયો. થોડી-થોડી કળ વળતા બાળક માટે દાદા-દાદી, અન્ય કુટુંબીજનોના આશ્વાસન સાથે મુશ્કેલી સાથે લડવાનો નિર્ધાર કર્યો.

ઈ.એન.ટી. સ્પેશ્યાલિસ્ટના નિદાનથી તેને ૧૦૦% શ્રવણમંદતા છે, તે જાણી તેના પુનઃસ્થાપનનું કાર્ય શરૂ થયું. હવે પછીનું કાર્ય સિંહણ જેવું હૃદય ધરાવતી તેની માતા શ્રી હિરવાબેને ઉપાડી લીધું. એકદમ અંતર્મુખી અને શાંત સ્વભાવ ધરાવતા પતિના પીઠબળથી તેઓએ પ્રશમના શિક્ષણ માટે તૈયારી શરૂ કરી. સૌ પ્રથમ મશીન પહેરાવ્યું. માતાએ શ્રવણમંદ બાળકોના વાલીની તાલીમ લીધી અને પ્રશમને શ્રી વિશુધ્ધાનંદ શાળામાં બાલમંદિરમાં અભ્યાસ શરૂ કરાવ્યો. શ્રવણમંદના ક્ષેત્રમાં નિપુણતા ધરાવતા શિક્ષિકાશ્રી રઝીયાબેન સોલંકીએ પ્રશમના શૈક્ષણિક ઉત્કર્ષ માટે ખૂબ સરસ પ્રયત્નો કર્યાં. પરંતુ ૧૦૦% શ્રવણમંદતાને કારણે વિશિષ્ટ જરૂરિયાતને ધ્યાનમાં લઈને વિશિષ્ટ શાળા શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળામાં બાળવર્ગ-૨ માં શ્રી કવિતાબેન શાહના વર્ગમાં બેસાડયો અને અભ્યાસના આગળના સોપાનો શરૂ થયા. નર્સરીના વર્ગની ઉંમરથી (૪ વર્ષથી ૭ વર્ષ સુધી) પ્રશમ હોમ ટ્રેનિંગના પ્રોગ્રામ માટે શ્રી સેજલબેન મહેતાના ઘરે જતો. અતિશય ચંચળવૃત્તિ, જિદ્દીપણું, યુરીન પર નિયંત્રણ ન હોવું, આવી મુશ્કેલીઓ સાથે શરૂઆતના તબક્કામાં તેના શૈક્ષણિક કાર્યમાં ખૂબ મુશ્કેલી પડી. આ મુશ્કેલીઓ સમજી, ધીરજપૂર્વક શિક્ષિકાના માર્ગદર્શન તેમજ માતાના પ્રયત્નોથી ધીમે-ધીમે આગળનો અભ્યાસ શરૂ થયો. પ્રશમ ધીરે-ધીરે જવાબદાર બનવા લાગ્યો. સાથે પરોપકારી, દયાળુ, હસમુખો, ધાર્મિક, શાળાના અન્ય વિદ્યાર્થીઓને મદદરૂપ બનતો. સ્ફૂર્તિ તેની રગેરગમાં ભરેલી હોય તેમ દરેક કાર્ય કરતો. તે ક્રિકેટ પ્રેમી સાથે ઓલ રાઉન્ડર ખેલાડી છે, વિરાટ કોહલીને તે આદર્શ માને છે. અંડર નાઈનટીન T-20 નેશનલ ક્રિકેટ ચેમ્પિયનશીપ ફોર ધ ડેફ, હરિયાણા ખાતે પ્રશમ ક્રિકેટ મેચ રમ્યો અને રનર્સ અપ બનેલ. પ્રશમની શૈક્ષણિક કારકિર્દી મધ્યમ રહેતી. માતાએ તેના પિતાનો કન્સ્ટ્રક્શનના વ્યવસાયને બદલે સ્ટેશનરીની દુકાન શરૂ કરવા જણાવ્યું કે જેથી પ્રશમ અભ્યાસ પૂર્ણ થયા પછી ધંધો કરી શકે.



પ્રશમ ધો. ૧૦ માં આવ્યો. હજુપણ ઝંઝાવતે તેનો પીછો છોડયો ન હતો. કોરોનાકાળ શરૂ થયો અને તેની જિંદગીની નાવિક તેની માતા તા. ૧૬-૧૦-૨૦૨૦ ના રોજ કોરોનામાં ભરખાઈ ગયા. કુટુંબ માટે આભ તૂટી પડયું. પ્રશમ ધો. ૧૧ માં આવ્યો. તેના જીવનમાં વર્તનમાં ખૂબ જ પરિવર્તન આવ્યું. તે ખૂબ ધાર્મિક બન્યો. ઘરનું કામ, કપડાં સૂકવવા, સંકેલવા, બાને દવા આપવી, બહેનને સ્કૂલે મોકલવા તૈયાર કરી આપવી, વગેરે કામ કરી સમયસર સ્કૂલે પહોંચતો અને સાથે નાસીપાસ થયેલા પિતાને હિંમત આપતો થયો. ધો. ૧૨ ના અગત્યના વર્ષમાં પણ આ સિલસિલો ચાલુ રહ્યો. આ સાથે ધંધામાં ધીમે-ધીમે આર્થિક સ્થિરતા આવવા લાગી.

શાળાના શિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલે પ્રશમના વ્યક્તિગત શિક્ષણ માટે સૌ પ્રથમ શરૂઆત કરી. તેઓએ આજ સુધી તેના ઘરની બદલાતી પરિસ્થિતિમાં સતત કાઉન્સેલિંગ કરી તેનું સમાજમાં પુનઃસ્થાપન કરવામાં, પોતાના બાળકની જેમ સંપુર્ણ વ્યકિતત્વ ઘડયું છે. તેમજ આ તબક્કે સતત પડદા પાછળ રહીને શિક્ષક શ્રી ભરતભાઈ સોલંકીએ તેના બાળવર્ગ-૨ ના અભ્યાસથી શરૂ કરી ધો. ૧૨ સુધી તેના સતત સર્વાંગી વિકાસ માટે નિઃસ્વાર્થ પ્રયત્નો કર્યાં છે. પ્રશમ નાનો હતો ત્યારે તેની સાથે ક્રિકેટ રમવું, રમતા-રમતા શીખવવું, કપરી પરિસ્થિતિમાં તેને સાચવવો, સાઈન દ્વારા સંપૂર્ણ સમજ આપવી, તેના શૈક્ષણિક ઉપરાંત સાંવેગિક, સામાજિક, માનસિક વિકાસમાં અને સમાજના પુનઃસ્થાપન માટેના ઉત્કૃષ્ટ પ્રયત્નો કર્યાં છે. શાળાના દરેક શિક્ષકોનો પણ તેના વિકાસમાં મહત્વનો ફાળો રહ્યો છે. ધો. ૧૨ની પરીક્ષા પૂરી કરી તે શાળાના શિક્ષકોને મળવા આવ્યો. તેણે જણાવ્યું કે "ઘરના કામકાજ સાથે હું દુકાન સંભાળીશ, પપ્પા પાસેથી દરેક કામ શીખી લઈશ, પપ્પાને ધીમે-ધીમે આરામ કરવા દઈશ અને તેઓને શારીરિક તકલીફ ન થાય તેવા પ્રયત્ન કરીશ." આવી વાતો અને તેનો વિશ્વાસ જોઈ, સહુ શિક્ષકો ભાવવિભોર બની ગયા અને ભવિષ્યમાં તેને કોઈ મુશ્કેલી ન આવે અને ખૂબ પ્રગતિ કરે તેવી સહુએ શુભેચ્છા આપી. પ્રશમ વિશેનું આ વૃતાંત વિડિયોના માધ્યમથી નીચેની યુ-ટયુબ ચેનલ પર જોવા મળશે. - Education for the deaf by Virendrasinh Gohil



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ ડો. સંતોષ યાદવ



### નેશનલ કોન્ફરન્સ :




કોલેજના પ્રોફેસર શ્રી અજીતભાઈ દ્વારા તા. ૧૦ ફેબ્રુ.`૨૩ થી ૧૧ ફેબ્રુ.`૨૩ ના રોજ પ્રયાગરાજ યુ.પી. માં 'Study of Challenges in Mathematics in Children with Learning Disability' NGBU નેશનલ સેમિનાર યોજાયેલ. જેમાં પ્રેઝન્ટ કરેલ.

### સાયન્સ પખવાડિયા ઉજવણી :



બળવંતરાય મહેતા વિજ્ઞાન નગરીમાં **સાયન્સ પખવાડિયા** ઉજવણી નિમિત્તે સંસ્થાના બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ના તાલીમાર્થીઓ દ્વારા વોલિન્ટીયર તરીકે કામગીરી કરવામાં આવેલ.

### ઈન્ટરનલ પરીક્ષા :

ડી.એડ. સ્પે. એજ્યુ. તેમજ બી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ૨૦૨૧`-૨૩ અને ૨૦૨૨`-૨૪ બેચના તાલીમાર્થીઓની ઈન્ટરનલ પરીક્ષા યોજાયેલ.

### નેશનલ સેમિનાર :

કોલેજના પ્રોફેસર શ્રી અજીતભાઈ દ્વારા પ્રયાગરાજ યુ.પી. માં 'NFP 2020 Prospective of Higher Education' NGBU નેશનલ સેમિનાર યોજાયેલ, જેમાં પેપર પ્રેઝન્ટ કરેલ.

### નેશનલ કોન્ફરન્સ :

કોલેજના પ્રોફેસર શ્રી અજીતભાઈએ નાગપુર ખાતે 'Course Coordinator Meet of Western Zone' કોન્ફરન્સમાં ભાગ લીધેલ.

### જર્નલ કલબ :

ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં તાલીમાર્થીઓ દ્વારા દર શનિવારે જર્નલ કલબ ચલાવવામાં આવે છે. જેમાં આજ સુધીમાં ૧૧ તાલીમાર્થીઓ દ્વારા અલગ-અલગ વિષય ઉપર ૧૧ જર્નલ કલબ પ્રેઝન્ટેશન કરેલ છે.

(01) Concept, meaning and importance of Cross Disability Approach and interventions.
(02) Classification of Communication in terms of manualism.
(03) NEP 2020 In terms of ECCE.
(04) RTE -2009 Focuses on CwDs\.
(05) Specific Learning Disabilities Adaptation and accommodation.
(06) Chronic Neurological conditions and Blood Disorders.
(07) Hearing aids – Parts, functioning and types.
(08) Hearing aid care, maintenance and troubleshooting.
(09) Provisons of Disability in National Policy Programme Commission and Act.
(10) Teaching Learning Material for Deferent Disability.

## એક શુભ સમાચાર

દિવ્યાંગતા માટેના ૪% નોકરી માટેના કોટાનું કોઈ રોસ્ટર ન રખાતું હોય, આ કવોટાનું પાલન થયું છે કે નહીં તે બાબત જાણી શકાતી નથી. આ મુદ્દે **નેશનલ ફેડરેશન ઓફ બ્લાઈન્ડ**, અમદાવાદ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (પી.આઈ.એલ.) દાખલ કરી છે. આ અરજીમાં એ પણ કહ્યું છે કે જે કંઈ બેકલોગ હોય તેવી જગ્યાઓની સૂચિ બહાર પાડીને ભરતી કરવા વિનંતી કરાઈ છે. માનનીય અમદાવાદ હાઈકોર્ટે સરકારના જે તે સેક્રેટરીને માહિતી આપવા નોટીસ આપી છે અને અરજી જુલાઈ`૨૩માં ફરી હાથ પર લેવાશે.

**સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**

# ૧ થી ૩૧ મે ૨૦૨૩ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Renukaben Sudhirbhai Chudasama - Bhavnagar | 1,500 |
| Shri Bhadresh Dayabhai Dayani - Surat | 1,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Rameshbhai U. Ajmera - Mumbai | 1,78,500 |
| Shri Navinbhai Bhaichand Mehta - Kolkata | 5,000 |
| Shri Chandravadan Shantilal Shah - Mumbai | 1,00,000 |
| Shri Harpalsinh Jadeja - Mumbai | 5,000 |
| Shri P. N. Shah - Mumbai | 25,000 |
| Shri Parmarth Foundation - Bhavnagar | 50,000 |

### CSR

| | Rs. |
|---|---|
| See International - USA | 1,35,885 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Chirag Jasvantrai Parekh - Mumbai | 10,000 |
| Shri Bhupendrabhai Himatlal Shah - Mumbai | 1,25,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 1,34,160 |
| Shri Khorshed And Phiroz Vevaina Charitable Trust - Mumbai | 5,000 |
| Shri Jyotsnaben & Pravinbhai Bhogilal Shah Parivar - Ahmedabad | 5,000 |
| Late Shethshri Anantray Nemchandbhai - Bhavnagar | 5,000 |
| Shri Sureshchand Jain (Advocate) - Vidisha (Mp) | 2,00,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Fanny Ashit Mehta - Mumbai | 1,55,000 |
| Shri Ashit Rajendrabhai Mehta - Mumbai | 1,55,000 |
| Shri Param H Mehta & Yukta H. Mehta - Bhavnagar | 5,000 |
| Shri Ashaben Ashokbhai Vora - Rajkot | 5,000 |
| Shri Mukesh Pravinchandra Mehta-Bhavnagar | 1,51,000 |
| Dr. Shri Shaila N. Shah - Bhavnagar | 25,000 |
| Shri Gunvantray Bhanjibhai Makwana - Bhavnagar | 10,000 |
| Shri Gunvantray Bhanjibhai Makwana - Bhavnagar | 7,000 |
| Shri Gunvantray Bhanjibhai Makwana - Bhavnagar | 4,000 |
| Smt. Dayaben Girijashanker Sheth Trust - Mumbai | 1,50,000 |
| Shri Bharatsinh Keshubha Chudasama - Bhavnagar | 18,000 |
| Shri Udaybhai J. Shah - Bhavnagar | 3,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Jatendrabhai Pranjivanbhai Vayda - Sihor | 1,11,111 |
| Shri Krunalbhai Deepakbhai Maniyar - Rajkot | 72,000 |
| Shri Anant Asha Charitable Trust - Kolkata | 51,000 |
| Shri Mukund Pravinchandra Upadhyay-Mumbai | 17,500 |
| Shri Nishaben Ketanbhai Jani - Bhavnagar | 15,000 |
| Shri Payalben Markandrai Mehta - Bhavnagar | 11,111 |
| Shri Krinal Deepak Shah - Mumbai | 11,000 |
| Shri Arunbhai Odhavjibhai Mehta - Mumbai | 11,000 |
| Shri Arihant Starch Products - Mumbai | 11,000 |
| Shri Kothari Industries - Kolkata | 11,000 |
| Shri Bhumiben Arvindbhai Gohel - Dhari | 10,000 |
| Shri Mukeshbhai Chamanhai Vaghela - Bhavnagar | 6,000 |
| Shri Rohitbhai A. Shah - Kolkata | 5,000 |
| Shri Chhabildas Shah And Smt. Kanchanben Foundation - Kolkata | 5,000 |
| Shri Kirit Kumar Patel - Kolkata | 5,000 |
| Shri Dilipbhai Dodhiwala - Mumbai | 5,000 |
| Shri Kishorbhai Datprasadbhai Dave - Dwarka | 3,000 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Shri Lalubhai Kantibhai Gohil - Bhavnagar | 1,001 |

" શ્રી શશીભાઈ હવે આપણી વચ્ચે નથી પણ તેઓ સ્મૃતિમાં રહેશે. એક છત્ર નીચેની સંસ્થાઓમાં ઓતપ્રોત રહી દિવ્યાંગ બાળકોની સંવેદના અને તેના શ્રેયાર્થે હિતચિંતક કાયમ રહ્યાં.

પી. એન. આર. હોસ્પિટલ અને અંધશાળામાં તેઓની મુલાકાત સહજ હતી, સંસ્થાકિય કાર્ય સબંધિત જાણકારી મેળવતા રહેતા. સામાન્ય રીતે કાયમ પોઝિટીવ અભિગમ રહેતો. તેમને મારી પ્રેમાજંલી અર્પણ કરૂ છું...."

- મહાસુખભાઈ ઝકડિયા



શ્રી મહાસુખભાઈ સાથે ચિંતન અને વિશ્રામની પળોમાં...

# વાર્ષિકોત્સવ ગ્રીષ્મતાલ - `૨૩

તા. ૨૮ એપ્રિલ ના રોજ શાળાનો વાર્ષિકોત્સવ 'ગ્રીષ્મતાલ' ગ્રીષ્મમાં ઉગતા પુષ્પના પરમાટ પર ભમતા મધુકરના મધુરતાલ સાથે દિવ્યાંગ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા તેઓના ધૈર્યવાન, સંનિષ્ઠ નિષ્ણાંતોની સમર્પિત સુષુપ્ત ક્ષમતાઓને અભિવાદિત કરવા માટે ભવ્યરૂપે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં કાર્યક્રમમાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. વિવિધ પ્રોજેકટના નાના ભૂલકાઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી. જેમાં નટરાજ સી.પી. સ્કૂલની **શેડો ડાન્સ**માં સોંગ અને **તારે જમી પર...**, દિશા કમ વિકાસ પ્રોજેકટની **સેવ ટ્રી થીમ** પર ડાન્સ રજૂ કરવામાં આવ્યો. ઓટિઝમના ભૂલકાઓ દ્વારા **ચકી બેન... ચકીબેન**, કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ દ્વારા ગેસ્ટ આઈટમમાં **રાજસ્થાની ગરબો** તથા સરદાર પટેલ સ્કૂલ દ્વારા **નાની મારી આંખ...**ની કૃતિ રજૂ કરવામાં આવી હતી. અર્લી ઈન્ટરનેશન સેન્ટર દ્વારા **ફેશન શો** અને દિવ્યાંગ બાળકોના વાલીઓ દ્વારા પ્રોત્સાહનના ભાગરૂપે **ઝાંસીની રાણી... વિજય ભવ...** સોંગ પ્રસ્તુત કરી બધાને મંત્ર મુગ્ધ કરી દીધા હતાં.

સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે, ચાલુ વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. જેમાં **બેસ્ટ પ્રોફેશનલ એવોર્ડ** (ફિઝીયોથેરાપીસ્ટ) ડૉ. ચાર્મીબેન રાઠોડ; **ગુરૂ એવોર્ડ** મ. શિ. શ્રી વિભૂતિબેન વ્યાસ તથા શ્રી જલ્પાબેન બારડને અને **બેસ્ટ કેરગિવર્સ એવોર્ડ** શ્રી હર્ષાબેન પાડલિયા, શ્રી મિરાબેન પરમાર, શ્રી સ્મિતાબેન ટાપણિયાને આપવામાં આવ્યો હતો. **બહુવિધ સિધ્ધિવાળા બાળક**માં મકવાણા વૈભવ તથા ચૌહાણ શુભમને એવોર્ડથી નવાજવામાં આવ્યાં. સાથે **પ્રગતિ એવોર્ડસ**માં ખોલિયા અબ્દુલ અલીમ યુસુફભાઈ, મજેઠિયા નીલ રાકેશભાઈ,




જેતાણી દેવમ વિજયભાઈને તેમજ **હેપી ફેમિલી એવોર્ડ** ચુડાસમા મંજુબેન નાનજીભાઈને આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

આ શાર્દુલ ફાઉન્ડેશન-મુંબઈના સૌજન્યથી દર વર્ષે શ્રેષ્ઠ કાર્ય કરી રહેલ દિવ્યાંગ વિદ્યાર્થીઓ, વિશિષ્ટ શિક્ષકો, પ્રોફેશનલ, કેરગિવર્સ તથા વિદ્યાર્થીઓના જીવનને ઉજ્જવળ બનાવનાર વાલીઓને આપવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય સારી પ્રતિભાઓને બિરદાવીને ઉત્તરોત્તર પ્રગતિ માટે પ્રેરિત કરવાનો છે.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શ્રી દેબાસિસ મોહન્તી (DGM, SBI, ભાવનગર)એ ભાવવાહી વકતવ્ય આપેલ હતું તથા શ્રી શૈલેષભાઈ (AGM, SBI, ભાવનગર), દાતાશ્રી શ્રી ચંદ્રશંકરભાઈ એ. દવે તથા શ્રીમતી હસુમતીબેન સી. દવે તથા ટ્રસ્ટીગણે ઉત્સાહ પૂરો પાડયો હતો.

કાર્યક્રમની આભારવિધિ શાળાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કરેલ તથા કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ.



## ક્રેડિબિલિટી એલાયન્સે PNR સોસાયટીને ગુડ ગવર્નન્સ સંસ્થા જાહેર કરી

ક્રેડિબિલીટી એલાયન્સ દિલ્હી સ્થિત કોન્સોરીયમ ઓલ્ફ એ વોલન્ટરી ઓર્ગેનાઈઝેશન છે. જે દેશમાં કાર્યરત જુદા-જુદા NGOS ની એકાઉન્ટિબિલિટી અને પારદર્શિતાની ચકાસણી કરીને ગુડ ગવર્નન્સ નિયમોને આધિન પ્રમાણિત કરે છે. PNR સોસાયટીએ છેલ્લાં દસ વર્ષથી ક્રેડિબિલિટી એલાયન્સની માન્યતાનું સર્ટિફીકેટ પ્રાપ્ત કરેલ છે. અમને જણાવતા ગૌરવ થાય છે કે ક્રેડિબિલીટી એલાયન્સે ફરીથી તા. ૧૫ એપ્રિલ ૨૦૨૩ થી ૧૪ એપ્રિલ ૨૦૨૮ સુધીનું માન્યતાનું સર્ટિફીકેટ આપેલ છે. PNR સોસાયટી આ માટે ક્રેડિબિલિટી એલાયન્સનો આભાર માને છે.

**- એચ. પી. રાખશિયા**







# વાર્ષિકોત્સવ ગ્રીષ્મતાલ -'૨૩









પોરબંદર ખાતેના ઈન્ડિયન નેવી લેફ. કમાન્ડર ભાસ્કરરાવ સરની સંસ્થાની મુલાકાત

## PNRનું ક્રેડિબિલીટી એલાયન્સ સર્ટિફિકેટ



Certificate Of Accreditation

Under Desirable Norms

CREDIBILITY ALLIANCE

Is Pleased To Declare That

PNR Society

for Relief and Rehabilitation of the Disabled

in the State of

GUJARAT

Adheres To The Desirable Norms

Prescribed For Good Governance Of Voluntary Organisations

Certificate Registration No. CA/32/2022

Valid From: 15.03.2023 To 14.03.2028

CHAIRPERSON
Central Accreditation Committee

EXECUTIVE DIRECTOR

CREDIBILITY ALLIANCE

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 June - 2023 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com